**રાજયની તમામ શાળામાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા બાળકના યુનિક આઇ.ડી. નંબરનો શૈક્ષણિક દસ્તાવેજમાં ફરજીયાત નોંધવા કે ઉલ્લેખ કરવા બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૪૧૪-૪૧૯૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧ / ૧૧ /૨૦૧૩

**સંદર્ભ :**

(૧) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.એસ.એ., ગાંધીનગરના તા.૧૫/૧૦/૨૦૧૩ ના પત્રથી મળેલ દરખાસ્ત ક્રમાંકઃ એસ.એસ.એ. / એમ.આઇ.એસ./૨૦૧૩/૪૧૩૦૦

**આમુખ :**

રાઇટ ટુ એજયુકેશન એકટ-૨૦૦૯ની કલમ-૯(ડી) અંતર્ગત ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોનું (બાળક દીઠ નામ, વાલીના નામ, રહેઠાણનો વિસ્તાર, જન્મ તારીખ, શાળામાં દાખલ તારીખ વગેરે વિગતો સાથેનું) રેકર્ડ રાખવું જરૂરી છે. જે અન્વયે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજયની તમામ શાળાના ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોનું ટ્રેકીંગ કરવા અંગેની કામગીરી પણ કરવામાં આવે છે. સદર કામગીરી અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન રાજયની ધો.૧ થી ૮ ની શાળાઓમાં નામાંકિત / અભ્યાસ કરતાં ૮૭ લાખથી વધુ બાળકોનો યુનિક આઇ.ડી. સાથેનો ડેટાબેઝ બનાવવામાં આવેલ છે.

૨. વર્ષ ૨૦૧૨-૧૩માં બાળકોની એકત્રીત કરાયેલી આ માહિતીનો ઉપયોગ કરીને 'ગુણોત્સવ-૪' અંતર્ગત ધોરણ-૨ થી ૮ ના તમામ બાળકોના નામ અને ચાઇલ્ડ આઇ.ડી. સાથે OMR બેઝ પ્રશ્નપત્રોમાં જવાબ મેળવી સ્વ-મૂલ્યાંકનની કામગીરી કરવામાં આવેલ છે. ગુણોત્સવ અન્વયે લર્નિંગ આઉટ કમ આધારીત ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ અપનાવવાની થાય છે.

3. સદર કામગીરી અંતર્ગત સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ તેમજ અન્ય કોઇ પણ મેનેજમેન્ટની માન્યતાવાળી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધો-૧ થી ૮ ના તમામ બાળકોની માહિતીની ડેટા એન્ટ્રી થાય અને તેનું દર વર્ષે અપડેશન થાય તે પણ જરૂરી છે. આમ છતાં કેટલીક ખાનગી શાળાઓ આ માહિતીને અગત્યતા ન આપતી હોવાથી હજુ ડેટા એન્ટ્રી અને અપડેશનની કામગીરીમાં ઉદાસીનતા જણાઇ આવેલ છે.

૪. અપડેશનની કામગીરી દર વર્ષે થનાર હોઇ ટ્રાન્સફર થયેલા બાળકોનું સરળતાથી ટ્રેકીંગ થઇ શકે તે માટે સ્કૂલ લિવિંગ સર્ટિફીકેટ (S.L.C.) માં બાળકને આપેલ ચાઇલ્ડ આઇ.ડી. નો ઉલ્લેખ કરવો જરૂરી છે, જેથી બાળકોને ટ્રેક કરી શકાય. વધુમાં અન્ય તમામ સ્કીમોના લાભો જેમ કે

શિષ્યવૃતિ, સાધન સહાય કે આરોગ્ય ચકાસણી વિગેરે માટે પણ આ જ આઇ.ડી. નો ઉલ્લેખ કરવાથી બાળકને અગાઉ લાભ મળેલ છે કે કેમ તે ચકાસી સરકારની વિવિધ યોજના અંતર્ગત લાભાર્થી બાળકોનું ડુપ્લીકેશન ઘટાડી શકાશે. જેથી સરકારના નાણાંનો વ્યય પણ અટકાવી શકાશે. સર્વ શિક્ષા અભિયાનની કચેરી દ્વારા રાજયની તમામ શાળાઓમાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા તમામ બાળકોના યુનિક આઇ.ડી.ની શૈક્ષણિક દસ્તાવેજમાં ફરજીયાત નોંધણી કે ઉલ્લેખ કરવા અંગેની સૂચનાઓ બહાર પાડવા માટેની સંદર્ભ (૧) ની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી. જે અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ-

ઠરાવ :

૨. સંદર્ભ(૧) માં દર્શાવેલ સર્વ શિક્ષા અભિયાનની કચેરીની તા.૧૫/૧૦/૨૦૧૩ ની દરખાસ્ત અન્વયે કાળજીપૂર્વકની વિચારણાના અંતે, સરકાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમમાં રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા બાળકોના યુનિક આઇ.ડી. નંબરનો જે તે બાળકના શૈક્ષણિક દસ્તાવેજમાં ફરજીયાત ઉલ્લેખ કરવા જણાવવામાં આવે છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમમાં બાળકોનું ડુપ્લીકેશન નિવારી શકાય અને અસરકારક ટ્રેકીંગ કરી શકાય એ માટે બાળકોના આઇ.ડી. નંબરનો તેના સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ (S.L.C.) કે માઇગ્રેશન કાર્ડ કે અન્ય તમામ સરકારી રેકર્ડ તથા અન્ય યોજનાઓમાં અચૂક ઉલ્લેખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

3. જે તે શાળાના આચાર્યશ્રીએ તેમની શાળામાં ભણતા કે દાખલ થતા કે શાળા છોડી જતા બાળકોના સંબંધિત શૈક્ષણિક રેકર્ડમાં આ પ્રમાણે આઇ.ડી.નંબરનો ઉલ્લેખ અચૂક થયેલ છે તેની ખાતરી કરવાની રહેશે.વધુમાં જે તે શાળાની મુલાકાત લેતા ક્ષેત્રીય કર્મચારીઓ/અધિકારીઓએ પણ આ સૂચનાઓનો બરાબર અમલ થાય છે તેને માટે બાળકોના રેકર્ડનું પણ સેમ્પલ ચેકીંગ કરવાનું રહેશે.

૪. આ હૂકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારની તા.૧૮/ ૧૧ /૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(અનંત પટેલ)
નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ

પ્રતિ

૧) માન. મંત્રીશ્રી (શિ) ના અંગત સિચવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨) માન. રા.ક.મંત્રીશ્રી (શિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.

૪) અગ્ર સચિવશ્રી (પ્રા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.

૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

૮) જિલ્લા વિકાસ અધિકારી તમામ.

૯) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ

૧૦) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

૧૧) શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

૧૨) તમામ નગરપાલિકા અને નગર પંચાયત

૧૩) એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.

(૧૩) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/-

(૧૪) નાયબ સેકશન અધિકારી/સીલેકટ ફાઇલ

(૧૫) ના.સે.અધિ.શ્રી આઇ.ટી.સેલ- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.